CC NO. 122651-2023.

## <u>આંક:- ૧(ચાર્જશીટ) લગત હુકમ</u>

**(૧).** આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ-૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ઈ.પી.કો.કલમ-૧૩૧ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીને સંભળાવતા આરોપીએ મજુર કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબની થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

### <u>હુ ક મ</u>

આરોપીને ઈ.પી.કો.કલમ-૧૩૧ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને (૨) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ:- અમદાવાદ.<br>
તા.૦૯/૧૨/૨૦૨૩.

(ડી.આર.જોષી)<br>
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૧૨.અમદાવાદ.<br>
કોડ નં. જીજે.૦૦૯૪૫.